



# સે-૨૩માં સ્વામિનારાયણ મંદિરે તુલસી વિવાહ યોજાયા

ગાંધીનગરના સેકટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે આજે તુલસી વિવાહનું આયોજન કરાયું હતું. ભગવાન શાલીગ્રામ વિષ્ણુ અને તુલસીજીના વવાહ સંપૂર્ણ ભારતીય શાસ્ત્રોકત વિધિથી યોજાયા હતા. જેમાં વર પક્ષના યજમાન બાબુભાઈ જીવાભાઈ પટેલ, કન્યા પક્ષના યજમાન ચંદ્રકાંત સી. રાઠોડ ઉપરાંત વર પક્ષનું મોસાળ ભરતભાઈ એલ. ઠકકર અને કન્યા પક્ષનું મોસાળ કેશાભાઈ જીવાભાઈ પટેલના યજમાન પદે શોભાવ્યું હતું. વરપક્ષના યજમાનના ઘરેથી મંદિર સુધી વાજતે ગાજતે વરઘોડો યોજાયો હતો અને ભગવાનનું ભાવપૂર્વક સ્વાગત કરાયા બાદ શાસ્ત્રોકત વિધિ અનુસાર લગ્નવિધિ યોજાઈ હતી. જેમાં શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ભકિતપૂર્વક જોડાયા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પિતાજી, આ નવા વર્ષમાં ફેસબૂક વોટ્સએપ શીખી જ જાવ... આ વખતે તમને ઘરે ઘરે સાલમુબારક કરવામાં મારે ત્રણ હજારનો પેટ્રોલ ખર્ચ થઈ ગયો...**

# મૂનલાઈટ કાર્યક્રમ અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટામાં કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે મૂનલાઈટ કાર્યક્રમનું આયોજન કરાયુ છે.

પૂનમની અજવાણી રાત્રે સ્ટ્રીટલાઈટો બંધ રાખી વીજબચતના સંદેશને મજબુતાઈ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ વખતે કવિ સંમેલનનું આયોજન કરાયુ છે.

અગાઉ આ કાર્યક્રમ અંતર્ગત ભજન સંધ્યા, ફિલ્મીગીતોનો કાર્યક્રમ પણ સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજવામાં આવ્યા હતા. આ વેળાએ મૂનલાઈટ કાર્યક્રમને લઈ કવિ સંમેલનનું આયોજન કરાયુ છે.

આ કવિ સંમેલનમાં અનિલ ચાવડા, કુણાલ શાહ, પ્રતાપસિંહ ડાભી, તેજલ દવે, ભાવેશ ભટ્ટ અને ઋષિ દવે તેમની રચનાઓનું પઠન કરશે. રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ સ્ટ્રીટલાઈટો બંધ રાખવામાં આવશે.

આ અંગેનું સંપૂર્ણ આયોજન થઈ ગયુ છે અને તે માટેની તૈયારીઓ પણ પૂર્ણ થઈ ગયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગાંધીનગરમાં સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓની સંખ્યાને ધ્યાને લઈ આ કવિ સંમેલન યોજવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, મ્યુનિ. કમિશનર રતનકુંવર ગઢવી ચારણ તેમજ ડે. મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

# ગાંધીનગરના અજબ યુવાનની ગજબ ગિરનાર પરિક્રમા..!!!

## માત્ર ચાર જ દિવસમાં નિમિષ મકવાણાએ પાંચ વાર ગિરનારની પરિક્રમા કરી : ૧૮૦ કિમીની પદયાત્રા કરી : અન્ય શ્રદ્ધાળુઓનો આત્મવિશ્વાસ વધારવા આ સાહસ કરી દેખાડ્યું

ગાંધીનગર, તા. ૨૨

અત્યારે ગુજરાતના જૂનાગઢ ખાતે પવિત્ર ગિરનારની લીલી પરિક્રમા ચાલી રહી છે. જેમાં લાખ્ખો શ્રદ્ધાળુઓ જોડાયાં છે. ગાંધીનગરના એક યુવાને ચાર જ દિવસમાં પાંચવાર ગિરનારની પરિક્રમા કરી છે. જેમાં તેઓ ૧૮૦ કિમીથી વધુ પગપાળા ચાલ્યાં છે પરિક્રમા પુરી કરી છે. નિમિષકુમાર મકવાણાએ તેમની પાંચવાર કરેલી પરિક્રમા દરમ્યાન ૧૦૦ કિમીથી વધુ પગપાળા ચાલ્યાં છે.

ગાંધીનગરના પોલીસ બેડામાં ફરજ બજાવતા અમૃતભાઈ મકવાણાના પુત્ર નિમિષકુમાર મકવાણાએ તા. ૧૭મી નવેમ્બરથી તા. ૨૦મી નવેમ્બર દરમ્યાન



"ગિરનારની પરિક્રમામાં ૩૬ કિમી જેટલો માર્ગ તો જંગલમાંથી પસાર થાય છે. જે મોટે ભાગે પહાડી વિસ્તાર છે. આ વિસ્તારમાં ત્રણ ટેકરીઓ કપરાં ચઢાણવાળી છે. હું અગાઉ પણ પાંચ વાર ગિરનારની પરિક્રમા કરી ચુક્યો છુ પરંતુ આ વખતે મેં મારી સાથેના શ્રદ્ધાળુઓનું મનોબળ વધારવાનો વિચાર આવ્યો જે અંતર્ગત મેં ચાર જ દિવસમાં પાંચવાર પરિક્રમા પુરી કરી દીધી છે જેમાં હું ૧૮૦ કિમીથી વધુ ચાલ્યો હતો."- **નિમિષકુમાર પરમાર**

તેમજ છેલ્લી બે વારની પરિક્રમા તો તેમણે ૨૪ કલાકની અંદર જ પુરી કરી છે.

શ્રદ્ધા હોય ત્યાં ભલભલા કપરાં કાર્યો પણ આસાન જણાતા હોય છે. ગાંધીનગરના યુવાન નિમિષકુમારે આ વાત સાચી ઠેરવી છે. તેમણે હાલ ચાલી રહેલ ગિરનારની પરિક્રમામાં સામેલ થઈ માત્ર ચાર જ દિવસમાં કુલ પાંચ વાર ગરવા ગિરનારની ગિરનારની પાંચ વખત પરિક્રમા પુરી કરી છે. ૨૪ વર્ષીય નિમિષકુમારે તેમની પરિક્રમાના અંતિમ દિવસે એટલે કે તા. ૨૦મી નવેમ્બરે સવારે ૭.૧૫ કલાકથી શરૂ કરીને બીજા દિવસે સવારે ૬.૩૦ કલાક સુધીમાં બે વાર પરિક્રમા પુરી કરી છે. તેમની અડગ શ્રદ્ધા અને આત્મબળની ચોતરફથી પ્રસંશા કરવામાં આવી રહી છે.

# કેન્દ્ર સરકારની યોજના નાગરિકો સુધી પહોંચાડો : રૂપાલા

## મહાનગર ભાજપના સ્નેહમિલન સમારોહમાં હાસ્ય દરબાર અને ડાયરાની રંગત જામી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર ભાજપના સ્નેહમિલન સમારોહમાં આવ્યુ હતુ.

ગાંધીનગર મહાનગર દ્વારા આયોજીત આ સ્નેહ-મિલન પ્રવિણભાઈ પટેલ, પદનામિત મેયર શ્રીમતી રીટાબેન પટેલ તેમજ ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર, નુતન વર્ષા અભિનંદન પાઠવી સૌને શુભેચ્છાઓ આપી કાર્યક્રમમાં આવકાર્યા હતા. તેમજ આગામી પહોચાડવાના માધ્યમ તરીકે કાર્ય કરવા જણાવ્યુ હતુ. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગર રાજયનુ





કેન્દ્રીયમંત્રી પરષોત્તમ રૂપાલાએ કેન્દ્ર સરકારની વિવિધ લોકઉપયોગી યોજનાઓ સામાન્ય નાગરિક સુધી પહોંચાડવાના કામે લાગી જવા કાર્યકરોને અપીલ કરી હતી.

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા રંગમંચ સેકટર-૨૨ ખાતે સ્નેહ-મિલન સમારોહનુ આયોજન કરવામાં સમારોહમાં ગઢવી બંધુ ત્રીપુટી (સુખદેવ ગઢવી, ચેતન ગઢવી તથા ઘનશ્યામ ગઢવી) જેવા નાંમાકિત કલાકારોના હાસ્ય દરબાર તથા લોક-ડાયરાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી પુરષોત્તમભાઈ રૂપાલા તેમજ ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલ, મેયર ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તથા ગાંધીનગર મહાનગરના સંગઠનના તમામ હોદેદારો, કાર્યકર્તાઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત સર્વેને નવા વર્ષના સમયમાં જયારે લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે. ત્યારે પક્ષ પ્રવૃતિઓ તમામ નગરજનો સુધી પહોચાડવા સૌ કાર્યકર્તાઓને હાકલ કરી હતી.

આ પ્રસંગે પુરષોત્તમ રૂપાલાએ કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય તેમજ અન્ય લોકઉપયોગી યોજનાઓ સામાન્ય નાગરિક સુધી પાટનગર છે ત્યારે પાર્ટીની ગાંધીનગરના કાર્યકર્તાઓ પાસેની અપેક્ષા સ્વભાવિક રીતે વધુ જ હોય તેમજ પાટનગર જેવા શિક્ષિત નગરના કાર્યકર્તાઓની ફરજો પણ વધી જતી હોય ત્યારે સ્વભાવિક રીતે કાર્યકર્તાઓ પણ રાજય સરકારની યોજનાઓ વિશે વધુ સજાગ તેમજ સુસજજ બનવુ જોઈએ.

# સંગીની ફોરમની મહિલા ક્રિકેટ ટીમ આજે વાપી રમવા જશે

ગાંધીનગર, તા. ૨૨

શિયાળાનો આરંભ જ હજુ થયો છે ત્યારે ગાંધીનગર સંગીની ફોરમની મહિલા ક્રિકેટ ટીમ આજે વાપી ખાતે યોજાયેલા મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે.

ફોરમના પ્રમુખ નીનાબેન ઝાટીયા અને કન્વીનર નિકીતા શાહે આજે જણાવ્યુ હતુ કે તેમની ટીમ કાલે ટ્રેઈન માર્ગે વાપી પહોંચશે અને ૨૪મીએ તેનો પ્રથમ મુકાબલો ખેલશે.

ટીમે આજે સે. ૨૨ના શોપીંગ નજીકના ખુલ્લા મેદાનમાં ત્રણ કલાકથી પણ વધુ સમય સુધી પ્રેકટીસ કરી પરસેવો વહાવ્યો છે. ગત વર્ષે પણ અમે મહિલા ક્રિકેટ ટીમે સારો દેખાવ કરી અને કપ મેળવ્યો હતો.

આ બન્ને આગેવાનોએ જણાવ્યુ હતુ કે ૨૦થી વધુની આયુ ધરાવતી ૫૦ વર્ષની મહિલાઓ તેમની ટીમનો હિસ્સો છે. સૌથી જયેષ્ઠ ખેલાડી શિલ્પાબેન જે ૫૦ વર્ષની આયુ ધરાવે છે. તેમણે જણાવ્યુ હતુ કે તેઓ કોલેજકાળથી ક્રિકેટ રમતા આવ્યા છે. ક્રિકેટ એ તેમની પ્રિય રમત છે.

ટીમના ખેલાડીઓના નામ આ પ્રમાણે છે. જાગૃતિબેન, ખુશ્બુબેન, અમીષાબેન, વિજેતાબેન, પાયલબેન, રૂપાબેન,



શિલ્પાબેન, સરલાબેન, અંકિતાબેન, પ્રિયંકાબેન, હેતલબેન, ઈશીતાબેન અને અનલબેનનો સમાવેશ થાય છે.

## કોરિડોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલીએ કહ્યું હતું કે, ગુરુનાનક દેવજીના કરતારપુર સાહિબમાં પોતાના જીવનના ૧૮ વર્ષ ગાળ્યા હતા. તે ભારતની સરહદથી થોડાક કિલોમીટરના અંતરે પડોશમાં સ્થિત છે. અહીં દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ પહોંચે છે. ભારતની સરહદ ઉપર ઉભા થઈને દર્શન કરવાની સુવિધા છે. કેબિનેટે નિર્ણય કર્યો છે કે, ડેરાબાબા નામથી જે ગુરુદ્વારા ગુરુદાસપુરમાં છે ત્યાંથી લઈને ઈન્ટરનેશનલ સરહદથી એક કરતારપુર કોરિડોર બનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આ કોરિડોર એવા જ પ્રકારથી બનાવવામાં આવે જેવા કોઈ મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ હોય છે. અહીં વિઝા અને કસ્ટમની સુવિધા અપાશે. આને વ્યાપકરીતે કરતાર સાહિબ કોરીડોર બનાવવામાં આવશે. આની લંબાઈ ત્રણ કિલોમીટરની રહેશે. આના ખર્ચને ભારત સરકાર સંપૂર્ણપણે ઉપાડશે. પાકિસ્તાન સાથે આ સંબંધમાં કોઈ વાત થઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અમે આ સંબંધમાં પડોશી દેશ સાથે પણ વાતચીત કરીશું. અમે પોતાની રીતે જોરદારરીતે તૈયારી કરીશું. પડોશી દેશ શું કરે છે તે બાબત તેમના ઉપર આધારિત છે. કેબિનેટ બેઠકમાં સુલ્તાનપુર લોધીને હેરિટેજ ટાઉન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સુલ્તાનપુર લોધી પણ ગુરુનાનક દેવના જન્મ સાથે સંબંધિત છે. તેને સ્માર્ટસિટીની જેમ વિકસિત કરવામાં આવશે. આ ઉપરાંત એક હેરિટેજ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવશે જેનું નામ પિંડબાબા નાનકદેવ રાખવામાં આવશે. ઉપરાંત પંજાબમાં સેન્ટર ફોર ઈન્ટરકફેઈથ સ્ટડીઝ બનાવવામાં આવશે. જેના કેન્દ્ર કેનેડા અને બ્રિટનમાં રહેશે. ગુરુનાનકની જયંતિ તમામ રાજ્યો અને ભારતીય દૂતાવાસમાં ઉજવવામાં આવશે.

## વાવણીને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે બટાટાની ખેતી પણ આ વખતે વધુ જોવા મળશે. કલોલના થોડાક વિસ્તારમાં જીરૂનું વાવેતર જોવા મળ્યુ છે. જો કે વરિયાળીનું વાવેતર પણ વધે તેવી સંભાવનાઓ છે.

હવામાનમાં વારંવાર આવતા પરિવર્તનને લઈ ખેડૂત ચિંતાતુર બન્યો છે. જિલ્લામાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે. ઠંડી થોડાક દિવસ પડ્યા બાદ છેલ્લા ત્રણેક દિવસથી ગાયબ થતાં ખેડૂતોએ ઘઉંની વાવણી ધીમી કરી દીધી છે જે નોંધનીય છે.

## આજીવન કેદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માત્ર ૪ વર્ષની નાની બાળા સાતે દુષ્કર્મ કર્યુ છે. જેથી કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા આરોપીને કરવી જોઈએ. વધુમાં વધુ રકમનુ વળતર અપાવવુ જોઈએ. સમાજમાં દાખલો બેસે તો જેથી કોઈ ફરીથી આવુ હિચકારુ કૃત્ય કરતા અટકે જે દલીલોને ધ્યાને લઈ જજ આર એમ વોરાએ આરોપીને ઈ પી કો કલમ ૩૭૬ (છ) ના ગુન્હગામાં આજીવન કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા માટે આદેશ કર્યો છે. જયારે પોકસો કલમ ૪ અન્વયે પણ આજીવન કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

# માણસા ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવાયુ

ગાંધીનગર, તા. ૨૨

માણસા ખાતે સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૧૪મી નવેમ્બર-૧૮ થી ૨૦ નવેમ્બર દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થા ખાતે પુસ્તક પ્રદર્શન, જ્ઞાનગોષ્ટી, વક્તૃત્વ સ્પર્ધા, ગમ્મત ગુલાલ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં બાળકો, વડીલો, તેમજ યુવા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શિક્ષક સુરેશભાઈ ઠાકોર, નિપુલભાઈ, હરેશભાઈ, ભાવીનભાઈ વગેરે વિદ્યાર્થીઓને જ્ઞાનગોષ્ટી, વક્તૃત્વ સ્પર્ધા, ગમ્મતગુલાલ વિગેરે કાર્યક્રમમાં સહયોગ આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું અને કાર્યક્રમ સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન સરકારી તાલુકા પુસ્તાલય માણસાના મદદનીશ ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળે કર્યુ હતુ અને તેઓએ સ્પર્ધાત્મક યુગમાં ગ્રંથપાલનું મહત્વ બાળકોને સમજાવ્યુ હતુ અને કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. દરેક વિદ્યાર્થીઓને ગ્રંથાલયના સભ્ય થવા ફોર્મનુંવિતરણ અને દરેકને ગ્રંથાલયના સભ્ય થવા અને ગ્રંથાલયનો વધુમાં વધુ ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ કાર્યક્રમના સહભાગી થનાર શિક્ષકગણનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ